શ્રી

શ્રી પંચઢાળો લીખ્યતે શ્રી.

શ્રીદરિયાપુરી ગચ્છાધીપતી મહાનપુજ્યશ્રી

શ્રીરૂખનાથજી મહારાજની દિક્ષા મોહોત્સવ
પ્રમુખની શ્રી પંચઢાળો.

બનાવનાર
રૂખીશ્રી કેવળચંદજી મહારાજ

છાવી પ્રસિદ્ધ કરનાર
શા૦ પરસોતમદાસ હરગોવનદાસ કલોલના.

અમદાવાદ

માણેકચોક આગળ કાગદીઓળની સામે શા૦ હીરા
ભાઈ પુંજાસાના મકાનમાં "અમદાવાદ ટાઇમ્સ"
પ્રેસમાં કાળીદાસ સાંકળચંદે છાપ્યું.

સંવત ૧૯૪૬ સને ૧૮૯૦



વાંચનારાને સુચના. દુહો પ્રારંભનો.

મુખે કપડો રાખીને, વાંચતાં સુખકાર;
દીવો અસુધ જાયગા, તજજો વાંચનહાર. ૧

સુચના.

હું સર્વ સજ્જનોને વિનંતી કરૂ છું કે આ લઘુ ચોપડીને ઉઘાડે મુખે તથા દીવાને અજવાળે તથા અસુધ જગ્યાએ વાંચવી નહી. અર્થાત મુખે કપડો રાખી જેમ જતના વિશેશ થાય. એજ વિનતી.

પંચ ઢાળો.

દુહા પ્રારંભતે.

પ્રણમું સદા ઉલ્લાસથી, ચઉવિસે અરિહંત,
બે કર જોડી વાંદતાં; પામીએ ભવનો અંત. ૧
વળી વાંદુ ગૌતમ પ્રત્યે, જે ગુણ તણા ભંડાર,
વડા શીષ્ય પ્રભુ વીરના; ચઉદ સહસ્ત્ર મોઝાર. ૨
ઇત્યાદીક સર્વ સાધુને, વીનવું બે કર જોડ;
કૃપા કરીને માહેરા, પુરજો મનના કોડ. ૩
સરસ્વતી માત મયા કરી, આપો અવિચળ વાણ;
રુગનાથજી મહારાજના, ગાઉ ગુણ પ્રમાણ. ૪
ભાવસાર વીરમગામના, દાહ્યાભાઇના પુત્ર,
નવલબાઇ અંગે ઉપન્યા, સોભાવ્યું ઘરસુત્ર. ૫
સંવત ઓગણીશ ચ્યારમાં, સુદ એકાદશી ધાર,
શ્રાવણ માસે જન્મીયા; વઢવાણ સેહેર મોઝાર. ૬

ઢાળ ૧ લી.

ઇડર આંબા આંબલીરે, ઇડર દાડિમ દ્રાક્ષ. એ દેશી.

બાળપણાથી એમનેરે, હુંતો ધર્મસું પ્યાર. હલુ કરમી જીવડોરે, કેમ ભમે સંસાર. ભવિકજન સાંભળજો ધરી પ્યાર,

રૂદય લેજો ધાર. ભ૦ ૧ એ આંકણી. સંસાર જાણ્યો કારમોરે, કારમો કુટુંબ પરીવાર; માતા પીતા ભાઇ બેનડીરે, નહીં કેનું નીરધાર. ભ૦ સાં૦રૂ૦ ભ૦ ૨. અનાદી કાલનો જીવડોરે, સગાઇ કરી ઘણી વાર; માતાતે બેહેની થઇરે, બેહેની તે માતા ધાર. ભ૦સાં૦રૂ૦ભ૦ ૩. મારી તે અસ્ત્રી થઇરે, સ્ત્રી મારી થઇ જાણ; બાપ તે બેટો થયોરે, બેટો તે બાપ પીછાણ. ભ૦ સાં૦રૂ૦ભ૦૪. ઇત્યાદીક એક એકસ્યુંરે, જોડયા સબંધ અપાર; વાર અનંતી જાણીએરે, ન રહી મણા લગાર. ભ૦સાં૦રૂ૦ભ૦૫. નરક નીગો દમાં હું ભમ્યોરે, કુંભીએ અનંતીવાર; છેદન ભેદન વેદનારે, ત્યાં કોણ ન લીધી સાર. ભ૦સાં૦રૂ૦ભ૦૬. મનમાંહી ઇમ ચીંતવેરે લેઊં હું સંજમ ભાર; મનુષ્ય જનમ પામી કરીરે, કવાણહારે ગમાર. ભ૦સાં૦રૂ૦ભ૦ ૭. અહોનીશ એવી ભાવનારે, ભાવે તે ગુણખાણ; દુધમાંહી સાકર ભલીરે, એહી દ્રષ્ટાંતે જાણ. ભ૦સાં૦રૂ૦ ભ૦૮. સંવત ઓગણીસ વીસમાંરે, પધારયા શ્રી અણગાર; મલુકચંદજી સ્વામી ભલારે, શીષ્યતણે પરીવાર. ભ૦સાં૦રૂ૦ભ. ૯ ધર્મસિંઘ ગછમાં દીપતારે, જીનસાશન શણગાર; આત્મા અર્થિ મુની ખગરે, જ્ઞાન તણા ભંડાર. ભ૦સાં૦રૂ૦ભ૦ ૧૦. સાધુ પધાર્યા જાણીનેરે, પામ્યા હરખ અપાર; ચીતે જન્મ સફલ કરૂંરે, વાંદી મુનીને આ વાર. ભ૦સાં૦રૂ૦ભ૦ ૧૧. મહામુનીને વાંદવા

ભણીરે, હરખ ધરીને જાય; કહે મુની કેવળ સઉ સાંભળોરે,
આગળ હવે શું થાય. ભ૦સાં૦૨૦અ૦ ૧૨.

દુહા પ્રારંભતે ૨.

દાહ્યાભાઈ સુત આવીઆ, મુનીને વંદણ તે વાર;
ત્રીજોગે કરી ભાવશું; વાંદે વારંમવાર. ૧
ગુરૂ વાણી સુણવા ભણી, બેઠા સનમુખ આય;
રૂષીજી દેવે દેશના, આવે સહુને દાય. ૨
આ સંસાર અસાર છે, થીર નહીં નીરધાર;
આરાધે જિન ધરમ જે, તે પામે ભવપાર. ૩
ભવ ભવમાં ભમતાં થકાં, પામ્યો મનુષ્ય અવતાર;
ખોશો મણી જો હાથથી, તે ફરશો ભવ મોજાર. ૪
દસ દ્રષ્ટાંતે દોહીલો, માનવનો અવતાર;
તે માટે ભવ પ્રાણીયા, કરો ધરમ સુખકાર. ૫
વાંણી સુણી એહવી, બુઝયા તેણે ઠાર;
ગુરૂજીને કહે ભાવશ્યું, લેશું સંજમ ભાર. ૬
તવ તે મહા મુની બોલીઆ, સંજમ છે સુખદાય;
સંસાર સુખકારમાં, જીમ અથીર ચપલાય. ૭
માટે દેવાણું પ્રિયા, ન કરો વિલંબ લગાર;
ક્ષોપામેવ તુમે આદરો, સંજમ વ્રત સુખકાર. ૮

ઢાળ બીજી.

એક દીવસ લંકાપતી, ક્રોડાની ઉપની રતી; ઉપની રતી, પોહોંચ્યો પર્વત મંદારેએ. એ દેશી, પુજ્યને વાંદો જાયગ, મનમાં હર્ખીત થાયએ; થાયએ, સંજમતો લેસ્યું સાહીએ. ઘેર આવી કહેવાણુએ, બેહેન કંકુ તું જાણુએ; જાણુએ, પુજ્યજીને મેં વાંદીયાએ. એ આંકણી. ૧ માહામુનીની વાણીએ, વાણી અમ્રત સમાણીએ; પીછાણીએ, સંસારની રીત કારમીએ. માટે સંયમ લેશએ, પુંઠ સંસારને દેશએ; લેશગ, પરવર્યા સુખ કારણીએ. ૨ ભગની કહે ભાઈ સાંભલો, સંજમ નાથી સોહલો; દોહલો, જીનજીનો ધર્મ પાળવોએ. ક્ષુધાદિક બાવીસએ, કહ્યા પરીસહ જગદીસએ; લોચ શીશએ, કીમ સાહસો પીય બંધવાએ. ૩ કરવિ તપસ્યા અતિ ભારી, શરીર ઉપરથી ઉતારી; જે મોહભારી; તે કેમ તુમથી થઈ શકેએ. વીર કહે ગુણકારીએ, સંજમ પરીસહ ધારીએ; સંસારીએ, દુખ બહુ આવગુણકારીયાંએ. ૪ તુમે છો ભાઈ બાળએ, સંજમ નીસી ચાલએ; પડે કાળએ, નિસુણી વચન તાહરાંએ. મેરૂ ભાર જે લેવોએ, તે સઘળો સીર સેહેવોએ; સેહેવોએ, વચન માર બહુ લોકનોએ. ૫. કુંવારા છો વીરાએ, સોડસ વર્ષ ગુણ ગીરાએ; વય વીરાગ આગ્ના તો કેમ દીજીયેએ. બહીનીસુ

વીર કહે વળી, આપોને અનુમત ભલી; મનરલી, ઢીલજરા કરસો નહીએ. ૬ ક્ષીણુ લાખેણુંા જાયએ, તેમ તેમ દુખ થાયએ; મન માંયએ, સંજમ વિના જાણુજોએ. માટે બેહેની મારીએ, મુજસ્યું પ્રેમ નીવારીએ; નીવારીએ, આપો આજ્ઞા મુજનેએ. ૭ જોગ મોલ્યોછે અતિ ભલો, સંજમ લેસ્યુ નિર્મળો; નીમળો, મુજ મનડા માંહી વસ્યોએ. આંખે આંસુ ઢાળએ, જ્યું ત્રુટે મોતી માળએ; માળએ, દુખભર રોતી બેહેનડીએ. ૮ મન જાણ્યું નહી રહેસ્યએ; નહી સંજમ લેસ્યએ; તે તસેએ, બેહેન દીયે આજ્ઞા વળીએ. દોખ બાયાલીસ ટાળજ્યો, ઇર્યા પંથે ચાલજો, મન વાળજો, સુધ માર્ગ ચાલજયોએ. ૯ સંજમ લેજ્યો સારએ; પામજ્યો ભવ પારએ, મોહવાર એ; સુભ આસીસ દીયે બેહેનડીએ. એ થઇ બીજી ઢાળએ, આગળ વાત રસાળએ; ત્રીજમાળએ, કેવળ મુની કહે સાંભળોએ. ૧૦

દુહા પ્રારંભતે ॥ ૩ ॥

આપી અનુમત બેહેનીએ, લેવા સંજમ ભાર;
મુનીવર સાથે આવીયા, કલોલ ગામ મોઝાર. ૧
હીરાચંદજી મુની ભલા, સુત્ર સીધાંતના જાણ;
દરિયાપરીમાં દિપતા, માહામુની ગુણ ખાણ. ૨

તેહ તણા પાસે વળી, ત્રીભોવનચંદ નામ;
રૂગનાથજી સાથે સહી, દીક્ષા લીયે ધરી હામ. ૩
બેઉનાછે ગુરૂ સોભતા, ચન્દ્ર સુર્ય સમાન;
એહ સરીખા શિષ્ય બેઉ તે, શોભે અતિ ગુણવાન. ૪
માઘ શુકલ તિથી પુર્ણીમા, મૂહુર્ત ધર્યું શુભ કાજ;
ચાલી વધાઇ વેગસ્યું, હરખ્યો સકળ સમાજ. ૫
ત્રીભુવનને રૂઘનાથના, બે વરઘોડા સાથ;
ચઢયા તે પ્રતે વર્ણવું, ગુરૂને વાંદો બે હાથ. ૬

ઢાળ ૩ જી.

વરઘોડામાં આગળ હસ્તી ઓળરે, વરઘોડામાં મદઝરંતા મસ્ત ડોળરે. એ દેશી. પ્રહ ઉઠી કીધાં બેઉએ સ્નાનરે, હૃદેમાં હી ધરતા ધર્મનુ ધ્યાનરે; રેસમિ ધોતી ઉપર કટીબંધ રસાળરે, સીરબંધ જામો અંગે ધર્યો ઉજમાળરે. ૧ ભુષણ ધર્યાં હસ્ત અને કોટ કરણેરે, દીસે રૂડી મોઝડી પહેરી ચરણેરે; ઘેહેલાભાઇ સુત પરમચંદનો નારરે, દિક્ષા વિધી મંગળીક કામે હુંશીયારરે. ૨ સ્વસ્થ થઇ અશ્વ ચઢયા ગુણ ધામરે, શોભે સુકુમાલ બ્યુ લક્ષમણ રામરે; પાછળ કાન્તાઓ ગીત ગાવે બારીરે, અંગે વસ્ત્રાભુશણ ધરયાં સુંદરકારીરે. ૩ ગુણવંત નામે છે પ્રધાનભાઇરે, તેમને તો મન ઘણું હરખાયરે; બો જ

ણાને કુમકુમ તીલક કીધારે, તેના ઉપર અક્ષત ચોડી દીધારે. ૫. સઉની આગળ શોભે છબીલા બાળરે, વિધવિધ રાગે વાજાં વાજે રસાલરે; વરઘોડાની શોભા બણી અતિસારીરે; જોવાં મળ્યાં ગામ તણાં નરનારીરે. ૬. વિનાવે સઉ સજ્જન શોભાવંતરે, વેહેલા વેહેલા પામજો ભવનો અંતરે; લઘુ વયમાં બેઉ તજે વાસ આગારરે; ધન્ય કહી સર્વ બોલે જયજયકારરે. ૭. દીક્ષા સ્થાનક બેઠા જીહાં મુનીરાયરે, ઉભો તીહાં સુંદર વરઘોડો આયરે; અશ્વ ઉપરથી ઉતર્યા વૈરાગી ધરણરે, આવી લાગ્યા મુનીવર સરવને ચરણરે. ૮.

દુહા પ્રારંભતે ॥૪॥

મુંનીવરને વાંદી તીહાં, ઉભા દોનું લાર;
વસ્ત્રાભુસણે દીપતા, મનમાં હર્ષ અપાર. ૧
ઇંદ્રપુરી સમ અતી ભલી, સોભા અપરંમપાર;
સર્વ સાજનમાં દીપતા, માહામુની અણગાર. ૨
વાજા વિવિધ પ્રકારનાં, વાજે અતિ સુખદાય;
વસ્ત્રાનવરંગ અંગધરી, સુંદરીઓ ગીત ગાય. ૩
દીક્ષા કામી તેને સમે, ચાલ્યા ધરી મન જોર,
દીક્ષાગ્રહણ કારણે, દ્રઢબુધિવંત કીસોર. ૪
સ્થાન બન્યું અતી સોભતું, ઇદ્રપૂરી સમ જાણ;
જય વિજય સઉ મુખ વદે, અતિ મનમાં હર્ષ આણ. ૫

ઢાળ ૪ થી.

સાતરે સાત કોટ ડીયા ભલારે, ચ્યાર કોયા દરવારરે; એ દેશી. પ્રણુમીરે પ્રણુમી મુની આગે કહેરે, આપછો તારણહારરે; અમનેરે અમને ભવસાયર થકીરે, ઉતારો ભવપારરે; પ્રણુમીરે પ્રણુમી મુંની આગે કહેરે. ૧ એ આંકણી. ફૂરારે. ફૂરી ફરી અમ ઉપરેરે, કહીયે બે કર જોડરે; (૨) પુરણરે, પુરણ પાડો તુમે સહીરે; અમ મન કેરા કોડરે, (૨) પ્રણુમીરે, પ્રણુમી મુની આગે કહેરે. ૨ સંજમરે સંજમ આપો તુમે સહીરે, પચખાવો સર્વ પાપરે; (૨) ઇચ્છારે, ઇચ્છા અમ મનરા તણીરે; પુરણ કરશો યો આપરે. પ્રણુમી૦ ૩ મુનીવરેરે મુનીવરે તવ સાંભળીરે, લોચ કરો તેણી વારરે;(૨) શ્રાવકરે શ્રાવક વહોરાવે સહીરે, વસ્ત્ર પાત્ર ધરી પ્યારરે (૨) પ્રણુમી૦ ૪ પુસ્તકરે પુસ્તક ઓઘો મુખપાતીરે, લે થયા તૈયારરે; (૨) પાઠ જરે પાઠ ભણાવ્યા ભાવસુંરે, પછી થયા બેઉ અણગારરે. (૨) પ્રણુમી૦ ૫ વંદણારે વંદણા સતુઉતી કરે ઘણીરે, સઉ ધરી હરખ અપારરે; (૨) મુખે મંગળીક ઉચરેરે, ધન્ય ધન્ય તુમ અવતારરે. (૨)પ્રણુમી૦ ૬ ઢાળજરે ઢાળજ ચોથી ભલીરે; વ્રત ધર્યાનો અધીકારરે. (૨) કેવળરે કેવળ મુંની એમ કહેરે, ધન્ય બેઉનો અવતારરે. ૭

દુહા ૫.

હીરાચંદજીના શિષ્ય થયા, ત્રીભુવનજી ગુણવાન;
નીજ ગુરૂ સાથે વિચરે, ગ્રામ નગર પુર સ્થાન. ૧
રૂગનાથજીયે ગુરૂ કરયા, મલુકચંદ માહારાજ;
ગુરૂ સંગાથે વિચરે, સાધવા આત્મ કાજ. ૨
હવે કહુ તે સાંભળો, શ્રોતા થઇ ઉજમાળ;
રૂગનાથજીના ગુણ તણી, પુરણ પાંચમી ઢાળ. ૩

ઢાળ પાંચમી.

રતનારી ગુણ મીઠડાંરે, મીઠડાં મુખના બોલ; એ દેશી.
સંજમ રૂગનાથજીએ આદરોરે, ધરી મન હર્ખ અપાર. નરનારી સઉ ગ્રામ નગર તણાંરે, વાંદતા વારંવાર; સંજમ રૂગનાથજીએ આદરોરે. એ ટેક. ગુરૂજીના સાથે ફરે મહીમંડલેરે, બ્રહ્મચયારી અણગાર; ગુરૂની આજ્ઞા માને ઉજમાલરયુરે, દ્રષ્ટી સમકીત ધાર. સંજમ૦ ૨ કર્મ ખપાવવાને કારણે, પાળે સંજમ ભાર; બાવીસ પરીસહ અહીઆસતાંરે. વરવા સોવ વધુ પ્યાર. સંજમ૦ ૩ ક્ષમાદીક ગુણ દસ સોભતારે, નીરલોભી નીરધાર; દોશ છનું બેતાળીસ ટાળીનેરે, લેવે છે સુધ હાર. સંજમ૦ ૪ સુત્ર ભણ્યા બહુ નિગતે કરીરે, પુજ્ય મલુકચંદ પાસ; રાત દીવ

સ કરતા ઘણોરે, જ્ઞાન તણો અભ્યાસ. સંજમ૦ ૫ શી
યળ સત્ય કરીને શૌભતારે, નીર મોહી અણગાર; પ્રણાત્ય
તિપાતથી નીરવતીયારે; આદિ માહાવ્રત પંચધાર. સંજમ૦ ૬
પેહેલું ચતુરમાસ્યું ગાળીયુંરે, આવીયા કલોલ ગામ; બી
જે ચોમાસે બહુ નાંતરેરે; ગુરૂ પધારયા વીરમગામ. સંજ
મ૦ ૭ અનુક્રમે ઓગણત્રીસ સાલમાંરે, ગ્રામ કલોલ મોઝા
ર; પુજ્ય મલુકચંદ સ્વામીજીરે; પામ્યા દેવ અવતાર. સંજ
મ૦ ૮ તે પછી સવંતસર કેટલાં વીતેરે, આચાર્ય પદે સોય
પુજ્ય શ્રી રૂગનાથજી થાપીયારે, રૂડુ ભાજન જોય. સંજમ૦
૯ નેકી રીતે ગચ્છને સાચવેરે, વ્રતતા જીનની આણ; સ્વા
મી સાગર છે સમતા તણારે, કેમ પુરાં થાય વખાણ. સંજ
મ૦ ૧૦ આ ચોમાસુ સત્ય વિસમુંરે, પધારયા કલોલ ગ્રામ
શિષ્ય તથા શ્રાવક શ્રાવિકા સેવતારે, પામવા ઉત્તમ ઠામ. સ
જમ૦ ૧૧ સંવત ૧૯૪૭ નારે, શ્રાવણ ઉજવળ પક્ષ; છઠેને
ગ્રગુયે પંચ ઢાળો કરીરે, મુની કેવળ આણી લક્ષ. સંજ
મ૦ ૧૨.

ઈતિશ્રી રૂઘનાથજી મહારાજના સંજમની શ્રી શ્ર
કેવળજી માહારાજજી કૃત પંચ ઢાળો સંપુર્ણ.

અથશ્રી રૂગનાથજી માહારાજની ગરબી.

મને રસ્તા વચ્ચે રોકીરે, છેલ છબીલા છોગાળા. એ દેશી. સતી સરસ્વતીને સીર નામીરે, ગાઉ ગુણ ગુરૂજી કેરા; ભાવે ગુરૂના ગુણ ગાતાંરે, મીટે ચઉગતીના ફેરા. ગુરૂ સમકીત કેરા દાતારે, ગુરૂતોલે કોઇ નવ આવે; જ્યું પારસના પરસંગેરે, અયતણું કંચન થાવે. ૧ જંબુદ્વીપ કેરા ભરતેરે, દક્ષિણાર્ધમાં જાણીયે; કાળ અવશર્પિણી કેરોરે, રામય ઉસમ પ્રમાણીયે. ૨ વીરના સાસન મોઝારરે, ધર્મસીંઘ મુનીરાજ કહ્યા; તસ પાટોપાટ નરંતરરે, મહંત મુનીયો કંઇક થયા. ૨ હાલ વર્તમાન કાળે વર્તેરે, મુનીશ્રીરૂગનાથજીસ્વામી; ખંતીદીક ગુણમાં પુરારે, એકે વાતે નહી ખામી, વિક્રમરાજાનો સાકોરે, દેશ ગુજરે વરતાય છે; વરસ ઓગણીસસયેંના ઉપરરે, સડતાળીસમું જાય છે. ૩ રાજનગર કદીના વિસ્યમાંરે, કલોલ નામે ગામ છે; દશાશ્રીમાળી હુંતીરે, શ્રાવકના બહુ ઠામરે. ગાલણુ આ શુખા કાળરે, પુજ્ય ઇહાં પધારીયા, સઉ સંઘે તેણી વારરે; હર્ખ ઘણા વધારીઆ. ૪ પુજ્ય સ્યુંદયાં સાધુ ત્રણરે, શેખ મુંની બીનાં નામ કહું; મોહોલાલજી મોહવસ્ય કીધોરે, કેવળજી વિનતી બહુ; પુજ્ય સંઘ ધર્મ સ્યુંઝાવીરે, હેત જુગત દષ્ટાંત કરી; બહુ જીવ પ્રતીબોધ પાવેરે, વાણી

અમૃત નાસ ભારી. ૫ કોઈ રાત્રી ભોજન વરજેરે, કોઈ મૈથુ
નને પરીહરે; કોઇ કરે સચિતનો ત્યાગરે, કઇ નાના વિધ
તપ કરે. એ પુજ્ય તણુ પ્રતાપેરે, ઉપકાર અધિકો થાય છે;
સહુ સંઘ મીલીને ભાવેરે, પુજ્ય તણા ગુણ ગાય છે. ૬ ધ
ર્મસીંઘ સીંઘાડા માંહીરે, પુજ્યની પદવી છાજે છે; વિ
ધી સંયુકત ચરચી વાદીરે, પાટયે પુજ્ય બી
રાજે છે. અન્યતિરથી પુજ્યની પાસેરે, ચરચા કર
વાને આવે; પુજ્ય સ્વપરમતના જાણરે; તેમની
આગળ સ્યું ફાવે. ૭ ઘણી જુગતીયે જીન મત થાપેરે, મિ
થ્યાત્વી જાયે ભાગી; કઇક બીજી દષ્ટી વામીરે, થાવે જીન
મતના રાગી; પુજ્ય સાતનયે પરવીણરે, ચ્યાર નીક્ષેપા પર
માણે; વળી છળ્યાણું જોગાદિરે, ચ્યારે અણુંજોગને જાણે. ૮
ગુની મહાવ્રત પાંચે પાળેરે, ત્રણય સમતે સમતા સહી; વળી
મદ આઠને ગાલેરે, જીનની આજ્ઞામાં રહી; ઘણા સાધુને
સાધ્વીયોરે, પુજ્ય તણી આણા વહે; જે સાધુ સંબંધી કામરે,
હોવે તે પુજ્યને કહે. ૯ પુજ્ય સમતી કેરા સાગરરે, જીનસાસ
ન દિપાવે છે; વળી પક્ષ કોઈનો નવ રાખેરે, એહી વિધ ધ
ર્મ ચલાવે છે. ૧૦ એ ગણી સસયે વીસની સાલેરે, સવચંદે
આજ્ઞા દિધી; પુજ્ય મલુકચંદજી પાસેરે, કલોલ્યમાં દિક્ષા લી

પી; ધન્ય માત તાતને ભ્રાતરે, જસરા કુળમાં ઉપન્યો દીવો; સઉ સંઘ દિયે આસીસરે, ચિરંકાળ પુજ્યજી જીવો; ગુજરને મારૂ દેશોરે, જસ્સ ઘણો વરતાય છે; વળી હલાર ઝાલાવાડેરે, પુજ્યના ગુણ ગવાય છે. ૧૧ જે જે અન્ય ગછના સાધુરે, પુજ્યજીને પીછાણે છે; તે ગામ નગર મોઝારરે, ગુણ ઘણા વખાણે છે; દરીયાપુરીના ગચ્છનોરે, ધોરી નીવત ભાર વહે જે વાપક પુજ્યજી બોલેરે, તે તે સરવે સરદહે. ૧૨ ઈણ સિંઘાડા મોઝારરે, સાધુ સીરોમણી સોભના; અમીચંદજી ગુણવાનરે, નથી કસીય લોભના; પુરૂસોતમજી પમારથીરે, તે પણ બહુ વિદ્વાન છે; પંચમી ગતીએ નકારે, અહનીસ જેહનું ધ્યાન છે. ૧૩ ઈત્યાદી બહુ મુંનીરાજરે, પુજ્યતણા પરીવારમાં; વળી આરજ્યા પણ બહુ જાણોરે, કુશળ છે આચારમાં; ઘણા ગામથી કાગળ આવેરે, સાધુ સાધવિયાં તણાં, સુણી શાતાના સમાચારરે, ભાઈ બાઈ હરખે ઘણાં. ૧૪. હવે આધ કલોલપનાં સર્વેરે, પુજ્ય પ્રત્યે ઈમ વીનવે; અમપર જીમ કીધી કુરૂણારે, તિમ વળી કરજ્યો હવે; આપ ચોથે ચોથે વરસેરે, ચોમાસુ અહીંઆં કરજો; અહીંથી કરીને બહુ ચેલારે, બાહીર જન પદમાં ફરજ્યો. ૧૫. ઓગણીસસયેં સપ્ત ચાળીસરે, માસ આસાઢ

વદ ચોથ રવી, કરી ગુરૂ ગુણ વર્ણવ જોડરે, ગામ કલોલ માંહીં નવી; પુજ્ય દીન દીન પરતે તુમચીરે, જસનો અધીકાઈ થાજ્યો; કહે છોટો મુજને સ્વામીરે, જ્ઞાન રૂપી પય બહુ પાજ્યો. ૧૯.

દુહો. પુજ્ય રૂગનાથજીને વીનવું, કર જોડી લાગું પાય; એવા મુનીનાં ગુણ ગાવતાં, મુજ મન હર્ષ ન માય. ૧. ધર્મસીંહ ગચ્છમાં દીપતા, જીનશાસન સણગાર; હર્ષ ધરીને વાંદતાં, પામું ભવનો પાર. ૨.

અથ શ્રી રૂગનાથજી માહારાજની ગરબી.

સખી પહવે તે પંથે ચાલ્યારે, માહા વનના તે મારગ ઝાલ્યારે. એ દેશી.

પુજ્ય પુજવા લાયક સ્વામીરે, તુમ ગુણમાં નથી કાંઇ ખામીરે; હું તો કહું છું મસ્તક નામી, ગુરૂજી વિનંતી અવધારોરે. જેથી લહીયે ભવજલ વારો. ગુરૂજી વીનતી અવધારોરે. ૧ એ ટેક. પુજ્ય સંજમ નીરમળો પાળેરે, કામ ક્રોધને મોહ દુરે ટાળેરે; એ તો જીનમાર્ગ ઉજુઆળે, ગુરૂજી. ૨ છટત્રીસ ગુણે સ્વામી બીરાજેરે, નીરવધ વાણી ખુબતરે છાજેરે; એહવા મુનીને વદો સુભકાજે. ગુરૂજી. ૩ સ્વામી ક્ષમા તણા છો દરીયારે, એહવા ઘણા સદ્ગુણ ભરીયારે; તુમે નીવતી નારીને વરીયા.

ગુરૂજી, ૪ પુજ્ય જીવદયા વ્રત પાળેરે. જ્ઞાન ધર્મને નીત્ય સં ભાળેરે, એ તો દોષણ સઘળાં ટાળે. ગુરૂજી. ૫ તુમે બાળપણે વ્રત લીધોરે, નીજ આતમને સુધ કીધોરે; તુમે મોક્ષ વિશે ચિત દીધો. ગુરૂજી. ૬ એવા મુની વંદો જયકારીરે, પ્રેમે કેવળ કહે મન ધારીરે; જેથી લહીએ ભવજળ પારી. ગુરૂજી. ૭ ઇતિ પુજયજી શ્રી રૂગનાથજી સ્વામીજીની ગરબી સંપુર્ણ.

દુહો.

રચી આ ચોપડી વોગતસુ, હર્ષ ઘણો મન હોય;
વાંચતાં ખોટજ નીકળે, તે મીછામી દુક્કડં મોય. ૧

સમાપ્ત.

આ ચોપડીમાં અગાઉથી આશ્રય આપનાર
જૈનધરમી ભાઇઓનાં નામ.

નંગ	નામ ગામ કલોલ.
૫૦	શેઠ જેઠાભાઇ જેચંદ
૫૦	શા. દલસુખરામ દીયાલજી
૫૦	શા. મનસુખરામ દીયાળજી
૫૦	શા. પરશોતમ કેવળદાસ
૫૦	શેઠ મુળચંદ નાગરદાસ
૩૧	શેઠ ઘેહેલાભાઇ જેયચંદ
૨૫	શેઠ નારસીદાસ બેહેચરદાસ
૨૫	શેઠ ઉગરચંદ હેમચંદ
૨૫	શા લલુભાઇ કેવળદાસ
૨૫	શેઠ લલુભાઇ હરજીવનદાસ
૨૫	શેઠ ઉમેદદાસ હરજીવનદાસ
૨૫	શેઠ મગનલાલ હરજીવનદાસ
૨૫	શેઠ મગનલાલ હરજીવન જેઠીદાસ
૧૮	શેઠ કચરાભાઇ કેવળદાસ
૧૮	શેઠ લલુભાઇ કેવળદાસ

૧૮ શા નરશીદાસ કેવળદાસ

૧૨ શા છગનલાલ જેશંગદાસ

૧૨ શા મગનલાલ જેશંગદાસ

૧૨ લલુભાઇ જેશંગદાસ

૧૨ શોભારામ તરભોવનદાસ

૧૨ સાંકળચંદ નાહાનચંદ

૧૨ શા લલુભાઈ મોતીચંદ

૧૨ શેઠ કાળીદાસ વાણારશીદાસ

૧૨ શા લાલચંદ જવેરદાસ

૧૨ શા છગંનલાલ વાણારશીદાસ

૧૨ શા મુળચંદદાસ કીશોરદાસ

૧૨ શા તલકચંદ હરજીવનદાસ

૧૨ શેઠ મગનલાલ અમુલેખ

૬ શેઠ ઉમેદરામ ભગવાનદાસ

૬ શા તરભોવન જેમચંદ

જાહેર ખબર.

સરવે જૈન ધરમી ભાઇઓને ખબર આપવામાં આવે છે કે પુજસાહેબ રૂગનાથજી માહારાજની દીક્ષા ઓચ્છવની ઢાળોની ચોપડીયો જેઓને જોઇએ તે સરવે શ્રી ગામ કલોલ માં ઠેકાણું આંબાજીવાળા વાસમાં શા૦ પરસોતમદાસ હરગોવનદાસને ઘેરથી મંગાવી લેજો એટલે મફત મોકલવામાં આવશે. એજ વિનંતી.

શા પરશોતમદાસ હરગોવનદાસ

મુ૦ કલોલ